## ચેક રિટર્નના ચાર કેસમાં આરોપીને સજા ફટકારતી કોર્ટ

સુરતઃ રાંદેરના રામનગરમાં કાપડ વેપારી દિનેશ તલરેજાએ ફરિયાદી આદિશ જૈન પાસેથી ઉધારમાં માલ ખરીદ્યા બાદ બાકી પેમેન્ટ પેટે રૂ.૨૨,૫૬,૨૨૦ની રકમના ચેકો આપ્યા હતા. જે ચેકો રિટર્ન થતાં ફરિયાદીએ વકીલ નિમેષ પી.દલાલ મારફતે કોર્ટમાં ચાર અલગ અલગ ફરિયાદ કરી હતી. આ કેસની સુનાવણી સમય દરમિયાન ફરિયાદીનું મૃત્યુ થતાં ફરિયાદી તરીકે પુત્ર મેહુલ આદિશ જૈનને જોડવામાં આવ્યો હતો. આ કેસમાં ન્યાયિક કાર્યવાહી પૂર્ણ થતાં કોર્ટે આરોપી દિનેશ નામચંદ તલરેજાને ચારેય કેસમાં દોષિત ઠેરવી ૧-૧ વર્ષની કેદની સજા અને ચેકની રૂ.૨૨,૫૬,૨૨૦ની રકમ વ્યાજ સાથે વળતર તરીકે ચૂકવી આપવાનો હુકમ કર્યો હતો.

## ચાર મહિનાથી બેકાર કતારગામના યુવકનો ઝેર પી આપઘાત

સુરતઃ મૂળ ભાવનગરના પાલીતાણાના વતની અને હાલ કતારગામ વિસ્તારમાં આવેલી ગજાનંદ સોસાયટીમાં રહેતા 29 વર્ષીય ચિરાગ પનુ પાલડીયા હીરાના કારખાનામાં કામ કરી પત્ની સહિતના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. પરંતુ હાલ તે છેલ્લા ચારેક મહિનાથી બેકાર હતો, ગુરુવારે સાંજે અમરોલી વેદાંતસર્કલ પાસે રોડ પર તેએ ઝેર પી લીધું હતું. જેમનું ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મૃતક ચિરાગ હાલ બેકાર હોવાથી માનસિક તણાવમાં રહેતા પગલું ભર્યું હોવાનું લાગી રહ્યું છે, અમરોલી પોલીસ તપાસ કરી રહી છે.

## લસકાણામાં રત્નકલાકારે ફાંસો ખાઈ આપઘાત કર્યો

સુરતઃ મૂળ ભાવનગરના સિહોર તાલુકાના વતની 21 વર્ષના હિતેશ ભરતભાઈ મકવાણા હાલમાં લસકાણા વિસ્તારમાં આવેલી શક્તિ કૃપા સોસાયટીમાં પોતાના ભાઈ સાથે રહેતો હતો અને રત્નકલાકાર તરીકે કામ કરી પરિવારને આર્થિક મદદ કરતો હતો. માનસિક તાણમાં આવેલા હિતેશે કાલે સાંજે પોતાના ઘરમાં છતના હૂક સાથે દુપટ્ટા વડે ફાંસો ખાઈ મોતને વહાલું કરી લીધું હતું.

## વાલક ગામમાં મગજની બીમારીથી કંટાળી યુવકે જીવન ટૂંકાવ્યું

સુરતઃ મૂળ અમરેલીના વતની નરેન્દ્રભાઈ ધેવરિયા હાલ વાલકગામ આઉટર રિંગ રોડ પાસે આવેલા હરેકૃષ્ણ સાકાર બિલ્ડિંગમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. નરેન્દ્રભાઈ એમ્બ્રોડરીનું કારખાનું ધરાવે છે. તેના સંતાન પૈકી 23 વર્ષીય પુત્ર મલઈ પણ પિતાને કામમાં મદદરૂપ થતો હતો. મલઈને છેલ્લા ચારેક વર્ષથી મગજની બીમારી હતી. ગુરુવારે સાંજે મલઈએ બિલ્ડિંગના બેઝમેન્ટમાં ઝેર પી લીધું હતું. સારવાર દરમિયાન મલઈનું મોત થયું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં મલઈએ મગજની બીમારીથી કંટાળીને આપઘાતનું પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

## ઠગાઈ કેસમાં IBV ફાયનાન્સના પિતા-પુત્રના આગોતરા નામંજૂર

સુરતઃ સોનાના દાગીના ઉપર લોન આપવીને છેતરપિંડી કરનાર આઈ.બી.વી. ફાયનાન્સના પિતા-પુત્રની આગોતરા જામીન અરજી કોર્ટે નામંજૂર કરી હતી. આ અંગે સરથાણા પોલીસ સ્ટેશને હિમતભાઈ ગોયાણીએ આરોપી પિતા-પુત્ર ધીરૂભાઈ ભીમાણી, રાકેશ ભીમાણી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીએ ૮૦૦ ગ્રામથી વધારે સોનાના દાગીના ઉપર આઈ.બી.વી. ફાયનાન્સમાંથી લોન મેળવી નિયમિત હપ્તા ભરતા હતા. દરમિયાન પિતા-પુત્ર ઓફિસ બંધ કરી ફરાર થઈ ગયા હતા. સરથાણા પોલીસમાં નોંધાયેલા આ કેસમાં ધરપકડથી બચવા પિતા-પુત્રએ અલગ અલગ આગોતરા જામીન અરજી કરી હતી. સરકાર પક્ષે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલા અને મૂળ ફરિયાદીના વકીલ ઉદય પટેલ, પ્રકાશ ડાભી, અલ્પેશ ઠક્કર, વિજય રાઠોડ, નરેન્દ્ર સોરઠીયા તથા સંજયભાઈ ઘોરાજીયા દ્વારા આગોતરા જામીન અરજીનો વિરોધ કરી એફિડેવિટ રજૂ કરી હતી. બંને પક્ષની દલીલો-રજૂઆત સાંભળ્યા બાદ કોર્ટે પિતા-પુત્રની આગોતરા જામીન અરજી નામંજૂર કરી હતી.

# ઝેરી લાડુ ખવડાવવામાં ભોગ બનનાર મહિલાના પુત્રને ધમકી

**‘બીજી** ટીકડી નાંખી હોત તો પૂરું જ થઈ ગયું હોત’ કહી આરોપી મહિલાના પુત્રએ ભોગ બનનારના જર્મનીમાં રહેતા પુત્રને ધમકી આપી

**ઉષા** નાકરાણીનાં રિમાન્ડ નામંજૂર થતાં જેલમાં ધકેલાઈ

સુરતઃ મોટા વરાછા શાલીગ્રામ સ્ટેટ્સ સોસાયટીમાં પાડોશી મહિલાએ વેરવૃત્તિમાં આખા પરિવારને પતાવી દેવા માટે પ્રસાદીના લાડુમાં ઘેનની ટીકડીઓ ભેળવી આપ્યાની ઘટનામાં મહિલા આરોપીની ઉષા નાકરાણીની ધરપકડ કરી તેને લાજપોર જેલમાં મોકલાઈ છે તો બીજી તરફ ઉષા નાકરાણીના પુત્રએ ભોગ બનનાર મહિલાના જર્મનીમાં રહેતા પુત્રને ફોન કરીને ધમકીઓ આપી હોવાનું બહાર આવ્યું છે.

શાલીગ્રામ સ્ટેટ્સમાં નિવૃત્ત જીવન જીવતા 70 વર્ષીય ગોરધનભાઈ ડોંડા ગત 10 એપ્રિલના રોજ ગાર્ડનમાંથી ઘરે આવ્યા ત્યારે તેમના ઘરના ઉંબરા પર એક પ્લાસ્ટિકની થેલીમાં બે લાડુ મળી આવ્યા હતા. કોઈ પ્રસાદી આપી ગયું હશે તેમ માની ગોરધનભાઈ અને તેમની પુત્રવધૂ કિરણબેને લાડુ ખાધા હતા. લાડુ ખાધાના થોડા સમય બાદ ગોરધનભાઈ બેભાન થઈ ઢળી પડ્યા હતા, જ્યારે પુત્રવધૂને પણ ઝેરી અસર થઈ હતી. આ પ્રકરણમાં બંનેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યાં હતાં. જેથી પોલીસે આ પ્રકરણમાં પડોશમાં રહેતી આરોપી ઉષાબેન નાકરાણીની ધરપકડ કરી હતી. પોલીસે ઉષાબેનની ધરપકડ બાદ કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસનાં રિમાન્ડ માંગ્યા પણ કોર્ટે રિમાન્ડની જરૂર ન હોવાનું લાગતાં લાજપોર જેલમાં મોકલવાનો હુકમ કર્યો છે. જ્યારે આરોપી મહિલાની ધરપકડ બાદ તેના પુત્રએ ભોગ બનનાર કિરણબેનના પુત્ર (જે જર્મની અભ્યાસ કરે છે) તેને ફોન કરીને સમાધાન માટે દબાણ કર્યું હતું.

આ મામલે વાયરલ થયેલી વાતચીત મુજબ તેણે ધમકાવતા કહ્યું હતું કેઃ તારા પપ્પાને સમજાવ કે આ બધું અંદરોઅંદર પતાવી દે. લાડવો મળ્યો? આ તો બચી ગયા કે ઘેનની ટીકડી હતી, જો કંઈ બીજી ટીકડી નાંખી હોત તો કાયદેસર પૂરું જ થઈ ગયું હોત. અમારો ઈરાદો સાવ તમને પૂરા કરી દેવાનો નહોતો, નહીંતર આવી (ઘેનની) દવા ન નાંખત. આ ધમકી બાદ ભોગ બનનાર પરિવારે ન્યાયની માંગ પ્રબળ બનાવી છે. હાલ ઉત્રાણ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### કાલે અખાત્રીજ, બજારમાં માટલીઓ આવી ગઈ...



■ અખાત્રીજ એ ‘વણજોયું મુહૂર્ત’ હોવાથી નવાં કાર્યોની શરૂઆતમાં રંગેલી માટલીની સ્થાપના કે પૂજન શુભ શુકન ગણાય છે. રંગેલી માટલીની પૂજા કરીને તેને ઘરમાં રાખવાથી અથવા દાન કરવાથી ઘરમાં સુખ, સમૃદ્ધિ અને અન્ન-ધનના ભંડાર ભરેલા રહે છે તેવી માન્યતા છે. (તઃ સતીષ)

## લક્ઝરી બસમાંથી ફંગોળાયેલા ઈજાગ્રસ્ત વિદ્યાર્થીની વળતર અરજી મંજૂર

સુરતઃ ઉધનાની હરિનગરઅંબર કોલોનીમાં રહેતો વિદ્યાર્થી અલ્કેશ કાછલિયા તા.૩૦/૧૨/૨૦૧૫ના રોજ લક્ઝરી બસ નં.(જી. જે.૧૪-ડબ્લ્યુ-૩૪૨)માં બેસીને મરણક્રિયામાં ગામ જતા હતા. ત્યારે બોરસદ ધર્મજ હાઈવે રોડ પર લક્ઝરી બસના ચાલકે બસ પૂરઝડપે, બેદરકારીથી ચલાવી એસ.ટી. બસ નં.(જી.જે.-૧૮-ઝેડ-૨૨૪) સાથે અથડાવી દીધી હતી. જેથી લક્ઝરી બસમાંથી વિદ્યાર્થી બહાર ફંગોળાઈ જતાં ગંભીર ઈજા થઈ હતી. ઈજા પામનાર વિદ્યાર્થીએ વકીલ સુરેશ યાદવ તથા ગોપી પાંડે મારફતે રૂ.૧૫ લાખનું વળતર મેળવવા અરજી કરી હતી. જે કેસની સુનાવણી પૂર્ણ થયા બાદ મોટર એક્સિડન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલ જજ આર.એ.ત્રિવેદીએ લક્ઝરીના ચાલક, માલિક અને વીમા કંપનીને રૂ.૧૭,૫૮,૨૫૮ વ્યાજ સાથે રકમ ફરિયાદીને ચૂકવવા હુકમ કર્યો હતો.

# શેરમાં રોકાણના નામે આધેડ સાથે ૨૧.૯૦ લાખની ઠગાઈ

**સગરામપુરાના** મો. અમીનને એપમાં ૨.૧૩ કરોડનો નફો બતાવી એક્સેસ બ્લોક કરી દીધું

સુરતઃ સુરતના સગરામપુરા વિસ્તારમાં રહેતા 55 વર્ષીય આધેડને શેરબજારમાં તોતિંગ નફો મેળવવાની લાલચ ભારે પડી છે.

સગરામપુરાની અનાવીલ શેરીમાં આવેલી ઝીલમીલ રેસિડેન્સીમાં રહેતા મોહમદ અમીન નુરમોહમદ કુરેશી (ઉ.વ.૫૫) ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન એક ઓનલાઈન ઠગાઈનો ભોગ બન્યા હતા. મિલન પરીખ નામના શખ્સે ‘જૈનમ ડી-૨૪ માર્કેટ ન્યુઝ લેસ’ નામની એક શંકાસ્પદ કંપની ઊભી કરી હતી. આ શખ્સે ફરિયાદીને એક વોટ્સએપ ગ્રુપમાં એડ કર્યા હતા અને ત્યારબાદ શેરબજારમાં રોકાણ તેમજ પ્રી-આઈપીઓમાં નાણાં રોકવાથી ટૂંકા ગાળામાં મોટો નફો થશે તેવી લાલચો આપી હતી. ઠગભાજ મિલન પરીખે મોહમદ અમીનને એક અજાણી એપ્લિકેશનની લિંક મોકલી તેમાં એકાઉન્ટ ખોલાવ્યું હતું. ફરિયાદીના વિશ્વાસમાં લેવા માટે આરોપીએ આ ફેક એપ્લિકેશનમાં એવી ગોઠવણ કરી હતી કે જેથી રોકાણ કરેલા નાણાં પર મસમોટો નફો દેખાયો. ફરિયાદીએ અલગ-અલગ તબક્કે વિવિધ બેંક ખાતાઓમાં કુલ ૨૧,૯૦,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. સામે પક્ષે એપ્લિકેશનમાં તેમનો પોર્ટફોલિયો અને નફો વધીને અંદાજે ૨,૧૩,૩૫,૬૩૯ રૂપિયા જેટલો મોટો દેખાડવામાં આવતો હતો. જ્યારે મોહમદ અમીનને પોતાના નફાની રકમ અને રોકાણ પાછું મેળવવાની જરૂર પડી ત્યારે તેમણે એપ્લિકેશનમાંથી વિડ્રોઅલનો પ્રયાસ કર્યો હતો. જોકે, આરોપીઓએ રકમ ઉપાડવા માટેના તમામ એક્સેસ બ્લોક કરી દીધા હતા અને કોઈ ને કોઈ બહાને વધુ નાણાંની માંગણી ચાલુ રાખી હતી. અંતે, પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં તેમણે અઠવાલાઈન્સ પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે મિલન પરીખ સહિતના અન્ય સંડોવાયેલા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

## લિંબાયતમાં મોટી બહેનને વિડીયો કોલ કરી નાની બહેને આપઘાત કર્યો

સુરતઃ મૂળ ભરૂચના વતની અને હાલ લિંબાયત વિસ્તારમાં આવેલ કુબેરનગરમાં 18 વર્ષીય કશીશ નટવરભાઈ જાદવ માતા સાથે રહેતી હતી અને તે હીરાની ઓફિસમાં નોકરી કરતી હતી. તેની માતા અન્ય ઘરોમાં ઘરકામ કરે છે. કાલે સાંજે 7 વાગ્યાના અરસામાં કશીશે ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. કશીશે આપઘાત કરતાં પહેલાં વેરાવળ ખાતે રહેતી મોટી બહેન રિમ્પલને કોલ કરીને “મારે તારું મોઢું જોવું છે” તેમ કહ્યું હતું. બાદમાં કશીશે મોટી બહેન તેમજ તેના સાસુ-સસરા સાથે વિડીયો કોલમાં હસી મજાકથી વાતચીત કરી હતી. કશીશે કયા કારણોસર આપઘાત જેવું પગલું ભર્યું તે હાલ અકબંધ રહ્યું છે. પોલીસ કારણ શોધી રહી છે.

# ડુમસ મેરેથોનમાં SBIનો નકલી લોગો, ફરિયાદ કરાઈ

**SBIએ** સ્પોન્સર કરવાનો ઇનકાર કર્યો, SBIના નામે નાગરિકો સાથે છેતરપિંડી થવાની શક્યતા

સુરતઃ ડુમસ બીચ મેરેથોન સુરત 2026નું બેનર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે, જેમાં સ્પોન્સર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા બતાવવામાં આવ્યું છે. હમણાં જ નોંધણી કરો, 19મી એપ્રિલ 2026ના રોજ સવારે ઈવેન્ટ 5:30 વાગ્યે મૂંઝવણભર્યું લાગે છે. આટલું જ નહીં, બેનરમાં 10 કિમી રનર માટે 7 લાખ રૂપિયા અને 999 રૂપિયાની રજિસ્ટ્રેશન ફીનો ઉલ્લેખ છે. સ્પોર્ટ્સ શૂઝ, રિફ્રેશમેન્ટ, ગુડીઝ બેગ, મેડલ અને સર્ટિફિકેટ વગેરે મફતમાં આપવાનું લખેલું છે. ઉપરોક્ત કાર્યક્રમની સ્પોન્સર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને જોઈ બેંકના ઉચ્ચ અધિકારીઓએ ડુમસ બેંકના બ્રાંચ મેનેજર મારફત ડુમસ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ પત્રમાં, SBIએ પોલીસને જણાવ્યું છે કે નોંધનીય બાબત એ છે કે એક અનધિકૃત, અજાણ્યા વ્યક્તિએ ઈવેન્ટના શીર્ષકમાં સ્ટેટ બેંકનો લોગો મૂકી ડુમસ બીચ મેરેથોન 2026ના આયોજન માટે બેનર બનાવ્યું છે. સ્ટેટ બેંક તરફથી કોઈ પરવાનગી કે સલાહ લેવામાં આવી નથી. બેંક અધિકારીઓનું કહેવું છે કે કોઈપણ આદેશ કે પરામર્શ વગર અજાણ્યા વ્યક્તિઓએ સ્ટેટ બેંકનો લોગો બનાવી લીધો છે અને સ્ટેટ બેંકને ઉપરોક્ત ઈવેન્ટનું મુખ્ય આયોજક ગણાવી રહ્યા છે. એવું લાગે છે કે આ કાર્યક્રમ પાછળ બેંકના નામે લોકોને ગેરમાર્ગે દોરી પૈસા પડાવવાની યોજના હોઈ શકે છે. સ્ટેટ બેંક આ કાર્યક્રમની કોઈ જાણકારી નથી, ન તો સ્ટેટ બેંક પાસે કાર્યક્રમની કોઈ સ્પોન્સરશિપ છે. સ્ટેટ બેંક તરફથી કોઈ પરવાનગી કે સલાહ લેવામાં આવી નથી.

ઉપરોક્ત સંદર્ભમાં બેંકના બ્રાંચ મેનેજર દ્વારા પોલીસને આ શંકાસ્પદ બાબતને ધ્યાને લઈ સત્વરે તપાસ કરવા અને બેંકના નામનો લોગો બનાવી કાર્યક્રમનું આયોજન કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવા અનુરોધ કર્યો છે. સ્ટેટ બેંકને આ મેરેથોન સાથે કોઈ લેવાદેવા નથી, નાગરિકોએ આ વાત ધ્યાનમાં રાખવી જોઈએ.

## હવે રાંદેરના બે ટ્રેડર્સ પાસેથી નકલી ફેવિક્વિક પકડાયું

**3398 નંગ** સાથે બે વેપારીની ધરપકડ

સુરતઃ રાંદેર વિસ્તારમાં બ્રાન્ડેડ કંપનીના નામે ડુપ્લિકેટ ચીજવસ્તુઓ વેચવાનું કૌભાંડ સામે આવ્યું છે. પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ કંપનીની પ્રખ્યાત ‘ફેવિક્વિક’ બ્રાન્ડના ડુપ્લિકેટ પેકિંગ અને સિમ્બોલ ધરાવતી વસ્તુઓ વેચતા બે ટ્રેડર્સ પર પોલીસે રેડ પાડી કુલ 3398 નંગ નકલી ફેવિક્વિકનો જથ્થો ઝડપી પાડ્યો છે.

ચંદીગઢ સ્થિત ‘સ્પિડ સર્ચ એન્ડ સિક્યુરીટી નેટવર્ક’ના ઈન્વેસ્ટિગેશન ઓફિસર નીતિનકુમાર ભીખાભાઈ પટેલે રાંદેર પોલીસમથકમાં આ અંગે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે રાંદેર પોલીસે સૌપ્રથમ રામનગર ચાર રસ્તા પાસે આવેલી ‘જય ગણેશ ટ્રેડર્સ’ નામની દુકાનમાં તપાસ કરતા ત્યાંથી ફેવિક્વિક જેવા જ પેકિંગવાળા 2222 નંગ ડુપ્લીકેટ નંગ મળી આવ્યા હતા, જેની કિંમત 11,110 થાય છે. અહીંથી આરોપી રાજેશ પુંડલીક વાકોડે (રહે., પાંડેસરા)ની અટકાયત કરાઈ હતી.

ત્યારબાદ તેની જ સામે આવેલી ‘શ્રી બાલાજી ટ્રેડર્સ’ નામની દુકાનમાં રેડ પાડતા ત્યાંથી પણ 1176 નંગ ડુપ્લિકેટ ફેવિક્વિક (કિંમત 5,880) મળી આવી હતી અને વેપારી દશરથસિંહ ગુલાબસિંહ રાજપૂતની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે બંને સ્થળેથી કુલ 16,990ની મતાનો મુદ્દામાલ જપ્ત કરી બંને વેપારી વિરુદ્ધ કોપિરાઈટ એક્ટ-1957ની કલમ 51 અને 63 મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દિલ્હીના દંપતીએ સારોલીના વેપારીને ૬.૫૪ લાખ રૂપિયાનો ચૂનો લગાવ્યો

**શરૂઆતમાં** ખન્ના દંપતીએ કાપડ લઈને નાણાં ચૂકવ્યાં અને બાદમાં ચૂકવણી કર્યા વિના જ દંપતી ગાયબ

**વારંવાર** ઉઘરાણી કરવા છતાં વાયદાઓ જ કર્યા

સુરતઃ સારોલી વિસ્તારના એક કાપડ વેપારીને દિલ્હી સ્થિત ખન્ના દંપતીએ વિશ્વાસમાં લઈ ૬.૫૪ લાખ રૂપિયાનો ચૂનો લગાવ્યો હોવાનો બનાવ સામે આવ્યો છે.

વેસુ વિસ્તારમાં આવેલા શ્રૃંગાર રેસિડેન્સીમાં રહેતા તેમજ મૂળ ઉત્તર પ્રદેશના ફરૂખાબાદ જિલ્લાના વતની રૂપેશકુમાર પ્રેમકુમાર સાથ સારોલી સ્થિત શ્યામ સંગીની ટેક્સટાઈલ માર્કેટમાં એસ.એસ. ક્રિએશન અને પ્રેમ સન્સ નામે કાપડનો વેપાર કરે છે. રૂપેશકુમારના જણાવ્યા મુજબ, નવી દિલ્હી સ્થિત ડાબરીનાલા રોડ, ડાબરી ગામ ખાતે ક્લોથીંગ બિયોન્ડ તથા વી-ક્લોથીંગ બિયોન્ડ પ્રાઈવેટ લિમિટેડ નામે ફર્મ ચલાવતા લીના ખન્ના અને સમીર ખન્નાએ તેમની સાથે વ્યવસાયિક સંપર્ક કર્યો હતો.

શરૂઆતમાં ખન્ના દંપતીએ કાપડની ખરીદી કરી અને સમયસર પેમેન્ટ આપી વેપારીનો વિશ્વાસ જીત્યો હતો. પરંતુ તેની પાછળ અગાઉથી ગોઠવાયેલા કાવતરા પ્રમાણે, ૩૦ જૂન ૨૦૨૩થી ૩ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમિયાન વિવિધ ઓર્ડર હેઠળ પ્રિન્ટેડ તેમજ ડાઈડ કાપડનો મોટો જથ્થો સપ્લાય લેવાયો હતો. બાદમાં ૬ લાખ ૫૪ હજાર ૨૩૮ રૂપિયાની ચૂકવણી બાકી રહી જતાં વેપારીએ વારંવાર યાદ અપાવી હતી, છતાં ખન્ના દંપતીએ ચૂકવણી ટાળતા છેતરપિંડી કરી હતી. રૂપેશકુમાર દ્વારા આ મુદ્દે કરાયેલી ફરિયાદના આધારે સારોલી પોલીસમથકે લીના ખન્ના અને સમીર ખન્ના સામે છેતરપિંડીનો ગુનો નોંધાયો છે.

પોલીસે પ્રાથમિક તબક્કે વ્યવહારોના રેકોર્ડ, બિલ અને બેન્ક ટ્રાન્ઝેક્શન સહિતના પુરાવા એકત્ર કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. સાથે જ ખન્ના દંપતી મુંબઈ કે દિલ્હી વિસ્તારમાં ક્યાં છે તે અંગે તાગ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

# મહિલા સાથે બુરખાના હોલસેલ વેપારના નામે 75 હજારની ઠગાઈ

**મિત્રતા** કેળવી ભાવનગરના શખ્સે નાણાં પડાવ્યાં, પાલ પોલીસે ગુનો નોંધ્યો

સુરતઃ રાંદેરમાં રહેતી મહિલા સાથે બુરખાનો હોલસેલ માલ અપાવવાના બહાને ભાવનગરના ઠગે 75,000 પડાવી લીધા હતા.

મળતી વિગત મુજબ, પાલ વિસ્તારના બડા મોહલ્લામાં રહેતી અને સિલાઈ કામ કરતી સમરીન સઈદ શેખની પાંચ વર્ષ અગાઉ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર ભાવનગરના અકીલ અબ્દુલભાઈ કુરેશી સાથે મિત્રતા થઈ હતી. અકીલે પોતાને કપડાંનો હોલસેલ વેપારી ગણાવ્યો હતો. જાન્યુઆરી 2024માં તેણે સમરીનને સસ્તા ભાવે બુરખા અપાવવાની લાલચ આપી હતી. વિશ્વાસ જીતવા માટે શરૂઆતમાં તેણે પાંચ હજારના બુરખા મોકલી આપ્યા હતા, જેથી સમરીનને તેના પર ભરોસો બેઠો હતો. ત્યારબાદ, વધુ માલ આપવાના બહાને અકીલે એડવાન્સ પેમેન્ટની માંગણી કરી હતી. સમરીને ગત તા. 06/01/2024 થી 10/04/2025 દરમિયાન ઓનલાઈન માધ્યમથી કુલ 75,000 અકીલના બેંક ઓફ બરોડાના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. ઠગબાજ અકીલે ફોન ઉપાડવાનું બંધ કરી સંપર્ક કાપી નાંખ્યો હતો. આખરે છેતરાયા હોવાનો અહેસાસ થતાં મહિલા પાલ પોલીસમાં અકીલ સામે ફરિયાદ નોંધાવી હતી.

# મેટ્રો મચ્છરનું કારખાનું? આઠ સાઇટ પરથી બ્રિડિંગ મળ્યાં

**મક્કાઈ** પુલ આઈસીસી મેટ્રો, કાદરશાની નાળ મેટ્રો સાઇટ અને એન.કે. ક્રિકેટ ગ્રાઉન્ડ પાસેની સાઇટ સહિત 3 મેટ્રો સાઇટ્સને નોટિસ

**વોટર** વર્કર્સની 13 પ્રિમાઈસિસમાં પણ મચ્છરોનાં બ્રિડિંગ મળ્યાં

સુરતઃ સુરત મનપા દ્વારા શરૂ કરાયેલી ચેકિંગ ઝુંબેશના ભાગરૂપે 13 એપ્રિલના રોજ 33 મેટ્રો સાઇટ પર તપાસ કરતાં 8 સાઇટ પર ખામીઓ જણાઈ હતી, જ્યાં 07 બ્રિડિંગનો નાશ કરી 126 નકામા કાટમાળનો નિકાલ કરાયો હતો. ખાસ કરીને મક્કાઈ પુલ આઈસીસી મેટ્રો, મજૂરાગેટથી કાદરશાની નાળ મેટ્રો પ્રોજેક્ટ સાઇટ અને એન કે ક્રિકેટ ગ્રાઉન્ડ પાસેની સાઇટ સહિત 3 મેટ્રો સાઇટ્સને નોટિસ આપવામાં આવી છે. જ્યારે વરાછા ખાતે સીટકો બાંધકામ પાસેથી 3000 રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે.

આ ઉપરાંત તા.13/4/2026થી 15/4/2026 દરમિયાન શહેરના વિવિધ ઝોન વિસ્તારમાં આવેલી 33 મેટ્રો સાઇટના બાંધકામ સ્થળો તેમજ 275 વોટર ડિસ્ટ્રિબ્યુશન સેન્ટર, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, કુવારા અને તળાવોનો સરવે કરવામાં આવ્યો હતો. આ ઝુંબેશ અંતર્ગત કુલ 3554 જેટલા સ્પોટ તપાસવામાં આવ્યાં હતાં, જેમાંથી મચ્છરોનાં 11 બ્રિડિંગ મળી આવતાં તેનો તાત્કાલિક નાશ કરવામાં આવ્યો હતો.

સોર્સ રિડક્શનની કામગીરીના ભાગરૂપે મચ્છરો ઉત્પન્ન થઈ શકે તેવાં 290 નકામા ટાયર, ડબ્બા અને ભંગાર જેવાં પાત્રોનો નિકાલ કરવામાં આવ્યો છે. આ સરવે દરમિયાન મચ્છરોનાં ઉત્પત્તિ સ્થાનો મળી આવતાં જવાબદાર ઇસમોને 7 નોટિસ ફટકારવામાં આવી હતી અને કુલ 3000 રૂપિયા જેટલો વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવ્યો હતો.

ઉપરાંત વોટર વર્કસના સરવેમાં 13 પ્રિમાઈસિસમાં ખામીઓ મળતાં 4 બ્રિડિંગનો નાશ કરાયો હતો અને ઉગત, મોટા વરાછા, નાના વરાછા તેમજ સરથાણા વોટર વર્કસને નોટિસ ફટકારી 164 ભંગારનાં પાત્રો દૂર કરાયાં હતાં.

# ઉધના-મગદલ્લા રોડ પર પ્રિન્ટિંગ ખાતામાં આગ ભડકી ઊઠી

**આગના** લીધે પ્રિન્ટિંગ મશીન, મોટર, પ્લાયવૂડ, વાયરિંગ, પંખા, કાપડના ટુકડા સહિતની વસ્તુને નુકસાન થયું

સુરતઃ ઉધના-મગદલ્લા ખાતે નવજીવન સર્કલ પાસે બાલાજી ઈન્ડસ્ટ્રીમાં એમ્બ્રોઈડરી એક બંધ ખાતામાં ગુરુવારે મોડી રાત્રે આગ ફાટી નીકળી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ બાલાજી ઇન્ડસ્ટ્રિયલ સોસાયટીમાં આવેલા ખાતા નં.15-16માં પ્રિન્ટિંગ ખાતામાં ગુરુવારે મોડી રાત્રે 1:48 વાગ્યે મશીનમાં શોર્ટ સર્કિટ થતાં આગ ફાટી નીકળી હતી. આથી આજુબાજુના લોકો તરત બહાર દોડી આવ્યા હતા. જો કે, આગ પ્રસરતાં પુષ્કળ પ્રમાણમાં ધુમાડો નીકળતાં ત્યાં ભાગદોડ થઈ ગઈ હતી. જો કે, તે સમયે ત્યાં હાજર લોકો આગ બુઝાવવાનો પ્રયાસ કરતા હતા. કોલ મળતાં ત્રણ ફાયર સ્ટેશનની ત્રણ ગાડી સાથે ફાયર કાફલો ઘટના સ્થળે પહોંચી પાણીનો છંટકાવ શરૂ કરતાં એક કલાકમાં આગ પર કાબૂ મેળવ્યો હતો. જેના લીધે ખાતાનો મોટા ભાગનો માલ સામાન બચાવી દીધો હતો. આગના લીધે પ્રિન્ટિંગ મશીન, મોટર, પ્લાયવૂડ, વાયરિંગ, પંખા, કાપડના ટુકડા સહિતના માલ-સામાન અને ચીજવસ્તુને નુકસાન થયું હતું. આ બનાવમાં કોઈ ઈજા જાનહાનિ થઈ નહીં હોવાનું ફાયર ઓફિસરે જણાવ્યું હતું.

# ગુજસીટોકના ખુંખાર આરોપી સરફરાઝનાં જામીન નામંજૂર

**આરોપી** વિરુદ્ધ દિવાન ગેંગ બનાવી ખૂન, ખૂનની કોશિશ, લૂંટ, ખંડણીનો ગંભીર આરોપ

સુરતઃ ગુજસીટોકના આરોપી સરફરાઝ દિવાન ખલીલની જામીન અરજી મુખ્ય ન્યાયાધીશ રાહુલ ત્રિવેદીએ ફગાવી દીધી હતી. આરોપી વિરુદ્ધ ચોકબજાર પોલીસ સ્ટેશનમાં હત્યા, હત્યાના પ્રયાસ, ખંડણી, ઘરમાં ઘૂસી હુમલો સહિત ભારતીય દંડ સંહિતા તથા ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ અધિનિયમ (GUJCTOC) હેઠળ ગંભીર ગુનો નોંધાયો હતો.

મુખ્ય આરોપી સરફરાજ ઉર્ફે દિવાન ખલીલ અહેમદ દિવાને સાગરીતો સાથે મળી દિવાન ગેંગ બનાવી શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ખૂન, ખૂનની કોશિશ, લૂંટ, ખંડણી, ચોરી, વ્યથા, મહાવ્યથા કરવાના અનેક ગંભીર ગુનાઓ કર્યા છે. આરોપી સરફરાજ ઉર્ફે દિવાને જામીન પર છૂટવા માટે ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. આ જામીન અરજીના વિરુદ્ધમાં ફરિયાદ પક્ષે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ દલીલ કરી હતી કે આરોપી ગેંગનો લીડર છે અને તેના વિરુદ્ધ અગાઉથી અનેક ગુનાઓ નોંધાયેલા છે. આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવે તો સાક્ષીઓને ધમકી આપવાની અને ફરી ગુનાઓ કરવાની શક્યતા છે. જેથી જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.